# **-:આંક-૫ તથા આંક-૧૮ નીચે હુકમ:-**

1. આંક-૫ હેઠળની અરજી વાદી ધ્વારા  આ કામના પ્રતિવાદી ના વિરુધ્ધમાં કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે અત્રેની કોર્ટ માં દાખલ કરવામાં આવેલ છે.પ્રતિવાદી ધ્વારા વાદી ની વિરુધ્ધમાં કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે આંક-૧૮ થી આ કામમાં મનાઈ અરજી દાખલ કરેલ છે.બંને અરજીઓ પક્ષકારો ધ્વારા હાલના દાવા માટે અત્રેની કોર્ટ માં દાખલ કરવામાં આવેલ છે અને તેથી,બંને અરજીઓ એકસાથે સાંભળવામાં આવે છે અને હકીકતનું પુનરાવર્તન ટાળવા માટે અને સંક્ષિપ્તા ખાતર બંને અરજી નો નિર્ણય એકસાથે કરવામાં આવે છે.

2. દાવાની ટુંકી હકીકત એવી છે કે,વાદી એ હાલનો દાવો પ્રતિવાદી વિરુધ્ધમાં મિલકતના સંદર્ભમાં દબાણ ખુલ્લુ કરાવવા તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટે કરેલ છે અને આંક-૫ ની અરજી વાદી ધ્વારા પ્રતિવાદી સામે વચગાળાની રાહત મેળવવા માટે કરવામાં આવેલ છે અને પ્રતિવાદી ધ્વારા વાદી સામે આંક-૧૭ થી કાઉન્ટર દાવો દાખલ કરેલ છે અને પ્રતિવાદી એ વાદી સામે આંક-૧૮ થી વચગાળાની રાહત મેળવવા માટે અરજી કરેલ છે.વાદી વધુમાં જણાવે છે કે વાદી તથા પ્રતિવાદી એકજ કુંટબના છે.પ્રતિવાદી નં.૧ વાદીના મોટાબાપા થાય છે.પ્રતિવાદી નં.૨ થી ૧૦ પ્ર.વાદી નં.૧ ના પરીવાર ના સભ્યો છે અને પ્રતિવાદી નં.૧૧ એ પ્રતિવાદીઓનો ભાણેજ થાય છે.પ્રતિવાદી નં.૧૨ તથા ૧૩ પણ વાદી નં.૧ ના મોટાબાપાના દિકરા થાય છે.આથી વાદી તથા પ્રતિવાદી એકજ કુટુંબ ના છે.વધુમાં વાદી

જણાવે છે કે વાદી નં.૧,૨,૪,૫ ના પિતા અને વાદી નં.૩ ના પતિ સ્વ.રત્નાભાઈ ડુંગરભાઈ કણઝરીયા નું તા.૧૧/૦૧/૨૦૦૦ ના રોજ અવસાન થયેલ છે.તેમના અવસાન બાદ વારસાઈ નોંધ નં.૧૭૮૦ થી વાદીઓ સ્વ.રત્નાભાઈ ડુંગરભાઈ ના વારસો તરીકે ખાતા નં.૨૬૦ સર્વેનં.૯૨ અને ૪૩૪/૧ માં દાખલ થયેલા છે.વાદી તથા પ્રતિવાદી ના વડદાદા પોપટભાઈ ડુંગરભાઈ ના અવસાન બાદ નોંધ નં.૩૦૫ થી ૧)પ્રાગજીભાઈ ડુંગરભાઈ,૨)લાલજીભાઈ ડુંગરભાઈ,૩)રત્નાભાઈ ડુંગરભાઈ નાઓ સર્વેનં.૧૦૩/૩, ૧૩૭, ૧૩૮, ૪૩૪, ૪૭૮/૨, ૫૨૭/૧, નામ દાખલ થયેલા હતા અને નોંધ નં.૩૦૫ ના વારસોએ કૌટુંબિક રીતે ખેતીની જમીન ની વહેંચણી કરેલી છે.જે વહેંચણીમાં સર્વે નં.૪૭૮/૨, હે.આરે.ચો.મી.૦–૨૦–૨૩, ૪૩૪/૩ હે.આરે.ચો.મી.૨–૦–૩૨,૫૨૭/૧, હે.આરે.ચો.મી.૦–૯૭–૧૨ વાળી જમીનો પ્રતિવાદી નં.હિસ્સામાં આવેલી છે.વાદી તથા પ્રતિવાદીઓના સર્વેનં.૪૩૪/૧ વાળી ખેતીની જમીન વહેંચણી(૧).સ્વ.રત્નાભાઈ ડુંગરભાઈ કણઝરીયા સર્વે નં.૪૩૪/૧ ,હે.આરે.ચો.મી. ૨–૦૦–૩૨,(૨).પ્રાગભાઈ ડુંગરભાઈ કણઝરીયા સર્વેનં.૪૩૪/૨,હે.આરે.ચો.મી.૧–૯૯–૩૧,(૩).લાલજીભાઈ ડુંગરભાઈ કણઝરીયા સર્વેનં.૪૩૪/૩,હે.આરે.ચો.મી.૨–૦૦–૩૨ મુજબ કરેલ છે.વધુમાં વાદી જણાવે વાદીના સર્વેનં.૪૩૪/૧ નું ખુંટવર્ણન **પુર્વે:–**પ્રતિવાદી નં.૧૨,૧૩ ની સર્વેનં.૪૩૪/૨ જમીન**,પશ્ચિમે:–**પ્રતિવાદી નં.૧ ,સર્વેનં ૪૩૪/૩ ની જમીન**,ઉત્તરે:–**મનુભાઈ મેણિયા તથા હિરાભાઈ મેણિયાની જમીન **,દક્ષિણ:–**ખોખરશનો માર્ગ આવેલ છે.વાદી વધુમાં

જણાવે છે કે તેઓના હિસ્સા માં દક્ષિણ–પશ્ચિમ ખુણે બે પાકા

ઓસરીઉતારા મકાન બનાવેલ છે.મકાન થી આશરે ૩૦ ફુટ દુર કુવો બનાવેલ છે.જે કાચો કુવો છે.વધુમાં વાદી જણાવે છે કે તા.૨૭/૫/૧૭ ના રોજ સવારે પ્રતિવાદી નં.૧ થી ૧૧ ના વાહનો લઈ હથિયારો લઈ વાદીના ખેતરમાં આવેલા અને જુવારના પુળા તથા કપાસની સાંઠીઓ બાળી દીધેલ અને ૩૫,૦૦૦/–જેવી રકમનું નુકશાન કરી ફેન્સીંગ લુંટી ગયેલછે.અને સર્વેનં.૪૩૪/૧ મા હવે પછી પગ મુકશે તો ભડાકો કરીને મારી નાંખવાની ધમકી આપેલ હોવાનું વાદી જણાવે છે.ત્યાર બાદ તે મતલબની પોલીસ ને જાણ કરેલ હોવાનું પણ જણાવે છે.વધુમાં વાદી જણાવે છે કે પ્ર.તિવાદી નં.૧ થી ૧૧ નાઓ ખુબ જ માથાભારે અને અસામાજિક તત્વો સાથે મળેલા હોય વાદીને તેઓના માણસોનું જીવન જોખમ હોઈ દાવા વાળી જમીનમાં ખેતી કરતા પ્રતિવાદીઓ રોકતા હોય અને વાદીની જમીન પડાવી લેવા માંગતા હોય પ્રતિવાદી તેમના ખેતરમાં વાદીના શેઢાને ખોદીને મિલાવી દીધેલ છે અને વાદીના ખેતરમાં ૩૦ ફુટ જેટલુ દબાણ કરી દીધેલ છે અને વાદીનો કુવો તથા મકાન વગેરે પ્રતિવાદીઓ ૧ ના છે તેવુ કહી વાદીને તેના ખેતરમાં જતા આવતા રોકે છે જેથી હાલનો દાવો કરવાની જરુર પડેલ છે અને દાવો ચાલતા સમય લાગે તેમ હોય આથી હાલની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા માટેની અરજી કરવાની જરુર પડેલ છે.વધુમાં વાદી જણાવે છે કે બેલેન્સ ઓફ કન્વીનિયન્સ વાદીના લાભમાં છે.માંગ્યા મુજબ કામ ચલાઉ મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓને કોઈપણ જાતનું નુકશાન થાય તેમ નથી. અને ન્યાયનો હેતુ જળવાય રહે તેમ છે.આથી વાદી

પોતાની આંક–૫ ની મનાઈ અરજી માં પેરા નં.૧૪ માં માંગેલ દાદ મુજબનો સદર કામ ચલાઉ મનઈ  હુકમની અરજી હેઠળ કરી આપવા માટે અત્રેની કોર્ટ ને વિનંતી કરે છે.

3. પ્રોસેસની બજવણી થતા પ્રતિવાદીઓએ તેમના વિ.વ.શ્રી.આર.એલ.મકવાણા દ્વારા  વ.પત્ર રજુ કરેલ તે બાદ વિ.વ.શ્રી સી.આર.મહેતા  પ્રતિવાદી પક્ષે વ.પત્ર રજુ કરેલ અને વિ.વ.શ્રી મારફતે પ્ર તિવાદીઓએ દાવાની વિરુધ્ધમાં કાઉન્ટર કલેઈમ આંક–૧૭ થી રજુ કરેલ છે અને આંક–૧૮ થી કાઉન્ટર કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે ની અરજી રજુ કરેલ છે અને વધુમાં જણાવે છે કે પ્રતિવાદીનં.૧ અને તેમના ત્રણ ભાઈઓ વચ્ચે સર્વેનં.૪૩૪ ની જમીનમાં ત્રણ હિસ્સાઓ જમીન વચ્ચે ઉત્તર–દક્ષીણે લંબાઈના બે શેઢાઓ પાડીને ત્રણ હીસ્સાઓની વહેંચણ  પચાસ વર્ષ પહેલા થયેલ છે અને ત્યારથી એ વહેંચણ મુજબ જમીનનો પ્રતિવાદી કબજો ધરાવે છે.વધુમા પ્રતિવાદી જણાવે છે કે પ્ર.વાદી નં.૧ નાએ પોતાની હીસ્સા વાળી જમીનમાં ખર્ચ અને મહેનત કરી કાચો કુવો બનાવેલ છે તેમાં પુષ્કળ પાણી થયેલ છે જે પ્રતિવાદી નો સ્વતંત્ર માલિકીનો છે આ કુવાની બાજુમાં પ્રતિવાદી નં.૧ નું જુનુ ગાર માટીનું મકાન આવેલુ જે જર્જરીત થઈ ગયેલ હોય તે દુર કરી પ્રતિવાદી નં.૧ નાએ પોતાના ખર્ચે કડીયા,દાડીયા ઈંટ,સીમેન્ટ વિગેરે લાવીને ચણવાનું શરુ કરેલ અને કામ પુરુ કરેલ છે.સદર મકાનમાં કે કુવામાં વાદીઓનો કોઈ જ હકક,હિત,હિસ્સો આવેલો નથી.વધુમાં પ્રતિવાદી જણાવે છે કે વાદી તેઓના રેવન્યુ રેકર્ડમાં જણાવેલ ક્ષેત્રફળ કરતા ઓછુ ક્ષેત્રફળ હોય તે પ્રતિવાદીઓની

જમીનમાં ગેરકાયદેસ રીતે મેળવી લેવા ખોટી હકીકત ઉભી કરી દબાણ કર્યાનું ખોટી રીતે જણાવી ખોટો દાવો કરેલ છે. વધુમાં પ્રતિવાદી જણાવે છ ે કે તેઓનો કબ્જો એડવર્સ પજેશનની રુએ કાયદેસરની માલીકી પણામાં આવેલો છે.તેમ ઠરાવી આપવા તથા વાદીઓને અમારી જમીનમાં પ્રવેશ કરવાનો હકક અધિકાર નથી કે વચ્ચે આવેલ શેઢા કે તેના ઉપરના લીમડા અને સરગવાના ઝાડને કોઈપણ પ્રકારે દુર કરવાના અધિકાર નથી.તેવુ ઠરાવી આપાવ જરુરત ઉભી થયેલ છે.પ્રતિવાદી નં.(૧)લાલજીભાઈ ડુંગરભાઈની સ્વતંત્ર,માલિકી,કબજા,ભોગવટાની ખેતીની જમીન રાણપુર તાલુકાના મોટી વાવડી સીમના સર્વે નં.૪૩૪/૩પૈકી હે.આરે.ચો.મી:૨-૦૦-૩૨ જેની ચર્તુદીશા ખુંટ માપ વર્ણન માં **પુર્વે:-**વાદીઓની માલીકીની સર્વે નં.૪૩૪ પૈકીની જમીન આવેલ છે અને વચ્ચે ઉત્તર-દક્ષીણ લંબાઈનો સળંગ શેઢો આવેલો છે.જે શેઢા ઉપર લીમડા અને સરગવાના ઝાડ વર્ષો જુના આવેલા છે.**પશ્ચિમે:-** નારણભાઈ સાંકરીયા તથા જટુભાઈ વાઘેલાની ખેતીની જમીન આવેલી છે.**ઉત્તરે:-** હીરાભાઈ માણીયાની ખેતીની જમીન છે.તથા **દક્ષિણે:-** ખોખરનેશનો રસ્તો આવેલો છે.અને વધુમાં જણાવે છે કે પ્રતિવાદીનો સાચો અને પ્ર યમાફેસી કેસ છે, બેલેન્સ ઓફ કન્વીનયન્સ પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં છે.જો વાદીઓ અને પ્રતિવાદી નં.૧૨-૧૩ નાઓના દુષ્કૃત્યને અટકાવવામાં ન આવે તો પ્રતિવાદી નં.૧નો કાયદેસરના કબજા,ભોગવટામાં અંતરાય પડે તેમ છે અને અમાપ નુકશાન થાય તેમ છે.આથી પ્રતિવાદી નં.૧ તેની આંક-૧૮ ની કામચલાઉ મનાઈ અરજી મેળવવા માટેની અરજી માં પેરાનં.૫

માં જણાવ્યા મુજબની દાદ મેળવવા માટે અત્રેની કોર્ટ ને અરજ કરે છે.

4. વાદીના વિ.વ.શ્રી જે.એચ.ભીટોરા ધ્વારા સદર કામ ચલાઉ મનાઈ અરજી અન્વયે દલીલ કરવામાં આવી છે કે વાદી તથા પ્રતિવાદીઓ કુટુંબી થાય છે.તા.૨૭/૫/૧૭ ના રોજ સવારે નવ વાગ્યા ના સમય પ્રતિવાદીઓ હથિયાર તથા વાહનો લઈ ને  વાદીના  ના ખેતરમાં આવેલા મકાન ની બાજુમાં જુવારના પુળા તથા કપાસની સાંઠીઓ બાળી દીધેલ અને રુ.૩૫,૦૦૦/- જેટલુ નુકસાન કરેલ છે.આથી જો હાલની વાદી ની આંક-૫ ની કામચલાઉ મનાઈ અરજી મંજુર કરવામાં ન આવે તો વાદી ને ગંભીર પ્રકાર ના આર્થીક નુકસાન થવાની સંભાવના રહેલ છે.પ્રતિવાદી નં. ૧ નાઓએ વાદીના હીસ્સામાં આવેલ જમીન માં શેઢેથી આશરે ૩૦ ફુટ પહોળા પટામાં જુવારનું વાવેતર કરેલ અને બાકીના ભાગમાં ઉત્તર-દક્ષિણ કપાસનું વાવેતર કરેલ છે.વધુમાં જણાવે છે કે જો હાલની વાદીની આંક-૫ હેઠળની કામચલાઉ મનાઈ અરજી મંજુર કરવામા નહી આવે તો વાદીને ગંભીર પ્રકારના આર્થિક નુકશાન થવાની સંભાવના રહેલ છે અને આ માટે પ્રતિવાદીને સ્થળ પરિસ્તીથી માં ફેરફાર કરતા અટકાવવા માટે હાલની અરજી મંજુર કરવા માટે અત્રેની કોર્ટ ને વિનંતી કરેલ છે.તથા પ્રતિવાદી ની આંક-૧૮ અન્વયેની કામ ચલાઉ મનાઈ અરજી નામંજુર કરવા માટે અત્રેની કોર્ટ ને નામંજુર કરવા માટે વિનંતી કરેલ છે.

5. ત્યાર બાદ પ્રતિવાદી ના વિ.વ.શ્રી સી.આર.મહેતા ધ્વારા પ્રતિવાદી ની આંક-૧૮ નીચેની કામચલાઉ મનાઈ અરજી મંજુર કરવા માટે દલીલો કરતા

જણાવે છે કે પ્રતિવાદી નં.૧ તથા તેના વરસો પચાસ વર્ષ પહેલા થયેલા હિસ્સા વહેંચણી મુજબ જ કબ્જો ધરાવે છે.પ્રતિવાદી નં.૧ નાઓએ ખર્ચ અને મહેનત કરી ને કાચો કુવો બનાવેલ છે તેમાં પુષ્કળ પાણી થયેલ છે જે પ્રતિવાદી નં.૧ નાઓનો તથા તેમના વારસો નો સ્વતંત્ર છે અને જુનુ ગાર માટીનું મકાન છે જે જર્જરીત હાલતમાં હતુ તેને દુર કરી પ્રતિવાદીએ પોતાના ખર્ચે મકાન બનાવેલ છે.સદર મકાન અને કુવા માં ખોટી રીતે ભાગ મેળવવા માટે વાદી એ હાલનો દાવો કરેલ છે અને પ્રતિવાદી ને તેમના હકક હીસ્સાની તથા કબ્જા ભોગવટાની જમીન માં ખોટી રીતે કામ કરતા અટકાવવા માટે આંક-પ હેઠળ કામ ચલાઉ મનાઈ અરજી દાખલ કરેલ છે.આથી ના.કોર્ટ ને વિનંતી કરે છે કે વાદી ની આંક- પ ની કામ ચલાઉ અરજી ના મંજુર કરી પ્રતિવાદી ની આંક-૧૮ ની કામ ચલાઉ મનાઈ અરજી મંજુર કરવા માટે ન્યાયના હિતમાં હુકમ કરવામાટે વિનંતી કરેલ છે.

6. દસ્તાવેજો ના આધારે તથા વિ.વ.શ્રીઓ દ્રારા દાખલ કરવામાં આવેલ અરજીઓના આધારે તથા પ્રતિવાદીના જવાબ અને કાઉન્ટર કલેઈમ આધારે તથા પક્ષકારોના વિ.વ.શ્રીઓની મૌખિક દલીલો ના આધારે હાલની અરજી ઉપર નિર્ણય લેવા માટે નીચેના નિશ્રયના મુદાઓઓનો જવાબ આપવો જરુરી છે.

૧) શું વાદી સાબિત કરે છે કે તેની પાસે પ્રાઈમાફેસી કેસ છે?

૨) શું વાદી સાબિત કરે છે કે સગવડ નું સંતુલન વાદી ની તરફેણ માં છે?

૩) શું વાદી સાબિત કરે છે કે જો આ કામચલાઉ મનાઈ અરજી નામંજુર

કરવામાં આવશે તો આર્થિક વળતર થી પણ ભરપાઈ થઈ ન શકે તેવી હાનિ થશે?

૪) શું પ્રતિવાદી સાબિત કરે છે કે તેની પાસે પ્રાઈમાફેસી કેસ છે?

૫) શું પ્રતિવાદી સાબિત કરે છે કે સગવડ નું સંતુલન વાદી ની તરફેણ માં છે?

૬) શું પ્રતિવાદી સાબિત કરે છે કે જો આ કામચલાઉ મનાઈ અરજી નામંજુર કરવામાં આવશે તો આર્થિક વળતર થી પણ ભરપાઈ થઈ ન શકે તેવી હાનિ થશે?

૭) શુ આખરી હુકમ?

7. **<u>કોર્ટ ના તારણો</u>**

૧) નકારાત્મક

૨) નકારાત્મક

૩) નકારાત્મક

૪) નકારાત્મક

૫) નકારાત્મક

૬) નકારાત્મક

૭) આખરી હુકમ મુજબ

8. **કારણો (મુદા નં. ૧ થી ૬ )**

**(એ)** નિશ્ચય ના તમામ મુદાઓ એકબીજા સાથે સહ સંબંધીત હોવાથી,આ સંક્ષિપ્તા ખતાર અહીં મુદાઓની સંયુકત રીતે ચર્ચા કરવામાં આવી છે.જયાં સુધી વચગાળાની રાહત આપવાનો પ્રશ્ન

છે ત્યાં સુધી,વચગાળાની રાહત આપતી વખતે ત્રણ બાબતો ધ્યાન માં રાખવાની છે કે અરજી અને દસ્તાવેજી રેકર્ડ ઉપર થી શું પક્ષકારો તેમનો પ્ર ાઈમાફેસી કેસ દર્શાવ્યો છે?શું સગવડતા નુ સંતુલન ઈચ્છતા પક્ષ ના તરફેણમાં છે? અને વચગાળાની મનાઈ માંગતા પક્ષકારોની અરજી ના મંજુર કરવામાં આવે તો થતું નુકશાન આર્થિક વળતર થી પણ ભરપાઈ થઈ ન શકે તેવુ છે?

**(બી)** હાલના કેસ માં વાદી દાવા સાથે આવેલ છે કે વાદી તથા પ્રતિવાદી એકજ કુટુંબ ના થાય છે.પ્રતિવાદી ના વડદાદા પોપટભાઈ ડુંગરભાઈ ના અવસાન બાદ નોંધ નં.૩૦૫ થી (૧)પ્રાગજીભાઈ ડુંગરભાઈ,(૨)લાલજીભાઈ ડુંગરભાઈ,(૩)રત્નાભાઈ ડુંગરભાઈ નાઓ સર્વેનં.૧૦૩/૩,૧૩૭,૧૩૮,૪૩૪,૪૭૮/૨,૫૨૭/૧,નામ દાખલ થયેલા હતા.અને નોંધ નં.૩૦૫ ના વારસોએ કોટુંબિક રીતે ખેતીની જમીન ની વહેંચણી કરેલી છે.ત્યાર બાદ વાદી ના હિસ્સામાં આવેલ જમીન માં પ્ર તિવાદી નં.(૧) એ તેના શેઢાથી આશરે ૩૦ ફુટ પહોળા પટામાં જુવારનું વાવેતર કરેલ અને કપાસની વચ્ચે ભાગમાં ઉત્તર-દક્ષિણ કપાસનું વાવેતર કરેલ છે.જુવાર અને કપાસની વચ્ચે સરગવાના ૭ તથા લીમડા ના ૩ વૃક્ષો આવેલા છે.આ સરગવા અને લીમડાની પશ્ચિમે ૩૦ ફુટ પહોળા અને ઉત્તર-દક્ષિણે લાંબા પટામાં જુવાર આવેલ છે અને દક્ષિણ ખુણે કાચો કુવો અને પાકા મકાનો આવેલા છે.આમ ૩ વીઘા જેટલુ પ્રતિવાદી એ વાદી ની જમીન માં દબાણ કરી દીધેલ છે અને આથી વાદીનો પોતાનો કુવો તથા

મકાન વગેરે પ્રતિવાદી નં.૧ પોતાના છે તેમ કહી વાદીને ખેતરમાં જતા રોકે છે તેથી હાલનો દાવો કરવાની જરુર ઉભી થયેલ છે અને ખેતીની જમીન માં ખેતી માટે દરરોજ જવુ જરુરી હોય અને દાવાનો નીકાલ ન આવે ત્યાં સુધી કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે હાલની અરજી કરવાની વાદી ને જરુર પડેલ છે.

વાદી ધ્વારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજો, તથા માર્ક–૨૩/૨ થી રજુ થયેલ કોર્ટ કમિશ્નર ના પંચનામા મુજબ કોર્ટ કમિશ્નર દ્રારા પક્ષકારોને પંચો સાથે હાજર રહેવાની નોટીસ ની બજવણી કરતા હાજર રહેલા પક્ષકારો તથા પંચો રુબરુ પંચનામુ તેમના લખાવ્યા મુજબ નું લખેલ છે તેમા કોઈ જાતનુ પ્ર તિવાદીએ વાદી ની જમીન માં દબાણ કરેલ હોવાનો ઉલ્લેખ થયેલ નથી.માર્ક–૨૩/૩ થી રજુ નકશામાં પણ કોઈ જાતના દબાણ નો ઉલ્લેખ નથી.વધુમાં ડી.આઈ.એલ.આર દ્રારા માપણી કરી તેનો માર્ક–૩૨/૩ થી પંચનામુ રજુ કરેલ તેમાં જોતા હાજર રહેલા પક્ષકારો તથા પંચો એ પ્રત્યક્ષ કબજા માં મિલકત છે તે મુજબ પંચનામુ લખાવ્યુ છે અને તેમા સહીઓ કરેલી છે.પંચનામા ની વિગત જોતા પંચનામુ હાજર રહેલા પક્ષકારો તથા પંચોની રુબરુ માં તેમના લખાવ્યા મુજબ લખેલ છે અને પ્રત્યક્ષ કબ્જા વાળી જમીન ની માપણી ઈલેકટ્રીક મશીન થી કરેલ છે.પંચનામા ની વિગતો માં કોઈ જગ્યાએ પ્રતિવાદીએ દબાણ કરેલા નો ઉલ્લેખ થયેલ જોવા મળતો નથી.તથા માર્ક–૩૨/૪ મુજબના નકશા માં પણ વાદી ની જમીન માં પ્ર તિવાદી એ કોઈ દબાણ કર્યુ હોય તેવો કોઈ ઉલ્લેખ નથી.

(સી) પ્રતિવાદી ધ્વારા વાદીના દાવાનો જવાબ આપવામાં આવેલ

છે અને પ્રતિદાવો દાખલ કરવામાં આવેલ છે અને જણાવે છે કે વાદી એ દાખલ કરેલો દાવો ખોટી રીતે દબાણ ઉભુ કરવા માટે દાખલ કરેલ છે અને વાદી ને દાવા માટે કોઈ કારણો ઉપસ્તીતજ નથી તેમ છતા માનસિક દબાણ લાવવા માટે હાલનો ખોટો દાવો દાખલ કરેલ છે.તથા વાદી એ પ્ર તીવાદીની જમીન માં દબાણ કરેલ છે અને આ દબાણ ના કારણે તેઓને નુકશાન થતુ હોય પ્રતિવાદી દ્રારા વાદી ના વિરુધ્ધમાં કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે અરજી દાખલ કરવામાં આવેલ છે.

પ્રતિવાદી દ્રારા રજુ થયેલ જવાબ તથા મનાઈ અરજી અને અન્ય દસ્તાવેજી પુરાવોઓ ધ્યાને લેતા કોર્ટ નું  માનવુ છે કે પ્રતિવાદી ની મનાઈ હુકમ મેળવવા માટે ની અરજી માં જણાવ્યા મુજબના કારણો મુજબ તેને સમર્થન માં કોઈ દસ્તાવેજી પુરાવો ના.કોર્ટ સમક્ષ રજુ કરી શકેલ નથી કે રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.આ ઉપરાંત કોર્ટ કમિશ્નર દ્રારા થયેલ કોર્ટ કમિશન ના રીપોર્ટ માં માર્ક–૨૩/૨ થી રજુ થયેલ કોર્ટ કમિશ્નર ના પંચનામા મુજબ કોર્ટ કમિશ્નર દ્રારા પક્ષકારોને પંચો સાથે હાજર રહેવાની નોટીસ ની બજવણી કરતા હાજર રહેલા પક્ષકારો તથા પંચો રુબરુ પંચનામુ તેમના લખાવ્યા મુજબ નું લખેલ છે તેમા કોઈ જાતનુ વાદી પ્રતિવાદી ની જમીન માં દબાણ કરેલ કે પ્ર તિવાદી ની મનાઈ અરજી મુજબ નો કોઈ કાર્ય કરેલ હોવાનો ઉલ્લેખ થયેલ નથી.માર્ક–૨૩/૩ થી રજુ નકશામાં પણ કોઈ જાતના દબાણ નો ઉલ્લેખ નથી.વધુમાં ડી.આઈ.એલ.આર દ્રારા માપણી કરી તેનો માર્ક–૩૨/૩ થી પંચનામુ રજુ કરેલ તેમાં જોતા હાજર રહેલા પક્ષકારો તથા પંચો એ પ્રત્યક્ષ કબજા માં મિલકત છે તે મુજબ પંચનામુ લખાવ્યુ છે અને તેમા સહીઓ કરેલી

છે.પંચનામા ની વિગત જોતા પંચનામુ હાજર રહેલા પક્ષકારો તથા પંચોની રુબરુ માં તેમના લખાવ્યા મુજબ લખેલ છે અને પ્રત્યક્ષ કબ્જા વાળી જમીન ની માપણી ઈલેકટ્રીક મશીન થી કરેલ છે.પંચનામા ની વિગતો માં કોઈ જગ્યાએ વાદીએ દબાણ કરેલા નો તથા પ્રતિવાદી ની મનાઈ હુકમ મેળવવા માટેની અરજી માં જણાવેલ કારણો ને સમર્થન આપતો કોઈ ઉલ્લેખ થયેલ જોવા મળતો નથી તથા માર્ક-૩૨/૪ મુજબના નકશા માં પ્રતિવાદી ની જમીન માં અન્ય ત્રાહીત વ્યકિતઓ એ કે જે આ દાવા માં પક્ષકાર નથી તેઓએ દબાણ કરેલા નું સદર નકશો જોતા જણાય આવે છે. પ્રતિવાદી ની જમીન માં વાદી એ કોઈ દબાણ કર્યુ હોય તેવો કોઈ ઉલ્લેખ નથી તથા તેવી કોઈ હકીકત પ્રાઈમાફેસી રીતે જણાય આવતી નથી.

(ડી) ઉપરોકત મુદા નં.૧ થી ૬ ના કારણો તથા દાવા ના દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા અત્રેની કોર્ટ નું માનવુ છે કે વાદી તથા પ્રતિવાદી બંને પ્રાઈમાફેસી કેસ સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે તેવી જ રીતે બંને પક્ષકારો સગવડાતાના સંતુલન ઈચ્છીત પક્ષકાર નુ છે કે કેમ તે સાબિત કરવામાં નિષ્ફળ રહેલ છે.ન્યાયના વિશાળ હિત ધ્યાને લેતા કોર્ટ સદર અરજીઓ ના મંજુર કરવામાં આવે તો પક્ષકારો ને આર્થિક રીતે ભરપાઈ કરી ન શકાય તેવુ કોઈ મોટુ નુકશાન થતુ હોય તેવુ હાલના તબબકે કોર્ટ ના ધ્યાન ઉપર આવેલ નથી.વધુમાં કોર્ટ નું માનવુ છે કે દાવો ૬ વર્ષ જુનો છે માટે ૬ વર્ષ થી મનાઈ અરજી પેન્ડીંગ છે.પક્ષકારો અત્યાર સુધીમાં મનાઈ હુકમ ની જુરીરયાત બાબતે કોઈ નકકર પુરાવો કોર્ટ માં રેકર્ડ ઉપર લાવવામાં પ્રાઈમાફેસી રીતે સફળ થયેલ નથી.તથા આટલા સમય ગાળા બાદ પણ કામચલાઉ મનાઈ

હુકમની જરુરીયાત હોય તેવુ કોર્ટ ના ઘ્યાન ઉપર આવેલ નથી.

**મુદા નં. ૭ નું કારણ**

**(ઈ)**વાદી મુદા નં. ૧,૨,૩ પોતાના પક્ષ માં સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે અને તેવી જ રીતે પ્રતિવાદી મુદા નં. ૪,૫,૬ ને પોતાના પક્ષ માં સાબિત કરવામા નિષ્ફળ નીવડેલ છે.તેથી વાદી  ની મનાઈ અરજી કે જે આંક–૫ થી રજુ છે અને પ્રતિવાદી ની પ્રતિ મનાઈ અરજી કે જે આંક–૧૮ થી રજુ છે તે અને બંને પક્ષકારો દ્રારા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ તથા વધુમાં બંને પક્ષકારો ના વિ.વ.શ્રીઓની દલીલો ને તથા સદર મનાઈ અરજી ઘણા સમથી પેન્ડીંગ હોય ન્યાયના વિશાળ હિતમાં મુદા નં. ૭ માટે કોર્ટ દ્વારા  નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ:–**

1. આંક–૫ થી તથા આંક–૧૮ થી દાખલ થયેલ કામચલાઉ મનાઈ અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

×ઈ    પક્ષકારોએ પોતાનો ખર્ચ પોતે ઉઠાવવો.

**આ હુકમ આજરોજ તારીખ માહે.૧૩ એપ્રિલ વર્ષ ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં  વાંચી સંભળાવી જાહેર કર્યો**

તારીખ:– ૧૩/૦૪/૨૦૨૩
સ્થળ:રાણપુર

(અભિનવ મુદગલ)
પ્રિન્સીપાલ સીવીલ જજ,
રાણપુર